Bharuch Nature Conservation Society
bharuch.nature.club@gmail.com https://www.facebook.com/BharuchNatureClub

Volume # 012 APRIL 2014

## આ અંકનું વૃક્ષ
## કણજો, ચરેલ, કણજ, પાપડી (Indian Elm)

સામાન્ય અંગ્રેજી નામ: Indian Elm
ગુજરાતી : કણજો, કણજ, પાપડી. ચરેલ વગેરે નામથી ઓળખાય છે.

ભરૂચમા સ્થાન : બંબાખાના પાસે ઇદગાહની સામે કબ્રસ્તાનમા ઘણા બધા ઝાડ જોવા મળે છે. રોડની બાજુમા બે ઝાડ ખુબ જ વિશાળ કદના છે. કબીરવડ, શુકલતીર્થ રોડ પર પણ કેટલાક વૃક્ષો છે.






કરંજ ના પાંદડા જેવા જ પાંદડા ધરાવતુ આ વૃક્ષને ઘણા લોકો કરંજ માની લે છે પણ ફળ અને ફુલ ધારણ કરે ત્યારે બન્નેને ખુબ સહેલાઇથી અલગ તારવી શકાય. સામાન્યપણે કરંજ કરતા ઉંચાઇ અને કદમા પણ વિશાળ જોવા મળ્યુ છે.

આ આપણુ સ્થાનિક ઝાડ છે. પાનખર પ્રકારનુ આ ઝાડ ભારતભરના પાનખર જંગલોમા જોવા મળે છે. તેના વૈદકીય ઉપયોગો ઘણા છે. નીચે આપેલ એક લીંક પર વૈદકિય ઉપયોગો વધુ વિગતવાર જોવા મળી શકે છે.
http://idosi.org/ejas/4(1)12/7.pdf






આ વૃક્ષો "હેરોન" કુળના ઘણા પક્ષીઓ માટે રાતવાસો/વિશ્રામ કરવા માટે તેમજ માળા બનાવવા માટે અનુકુળ છે. ભરૂચ શહેરના પશ્ચિમ ભાગમા આવેલ કબ્રસ્તાનના આશરે 10 એકરથી વધુ વિસ્તારમા કણજો, લીમડો અને ખાટી આમલીના વિશાળ વૃક્ષોની ગીચ વસાહત છે. જે બગલા, ઢોંક, કાજિયા વગેરે માટે ખુબ મોટી માળાવસાહતની જગ્યા છે. દર વર્ષે ચોમાસામા 1500થી વધુ બગલા/ઢોંક અહી મોટી માળાવસાહત બનાવે છે. જેમા ફાટીચાંચ ઢોંક(Asian openbill), પીળીચાંચ ઢોંક(painted stork), કાણી બગલી(Pond heron), અવાક(Black crowned night heron), બગલા(egrets), કાજિયા(cormorants) મુખ્ય છે.

વધુ માહિતી માટે : http://www.flowersofindia.net/catalog/slides/Indian%20Elm.html

---

## આ અંકનું પક્ષી
## પચરંગી શક્કરખરો (Purple Rumped Sunbird)

પચરંગી શક્કરખરો એ શક્કરખરા વર્ગનું એક પક્ષી છે જે મોટેભાગે ભારતીય ઉપમહાદ્વીપમાં જ જોવા મળે છે. તે શ્રીલંકા, દક્ષીણ ભારત, બાંગ્લાદેશ, પૂર્વ ભારતમાં જોવા મળે છે. તે દક્ષીણ ગુજરાત, અને પૂર્વમાં અસમ અને મેઘાલય સુધી જોવા મળે છે.. તે ખોરાકમાં મુખ્યત્વે ફૂલોનો રસ લે છે જેની માટે તે થોડી વાર માટે હમિંગબર્ડની જેમ ફૂલો પર મંડરાઈ શકે છે. તે સામાન્ય રીતે ઝાડી અને ખેતી તથા બગીચાઓમાં જોવા મળે છે અને સામાન્ય રીતે ગાઢ જંગલોમાં જોવા નથી મળતા.

વર્ણન

### Recent News

### Upcoming Events

**Nature Trail at GNFC Township**
BNCS with NCSC, is goin to organize nature trail at GNFC Township. In this program children will learn to observe and track birds, butterflies, tree identification &its importance/usage.

### પક્ષી નોંધ

**દશાન ખાતે પક્ષીનિરીક્ષણ**
માર્ચ મહિનાના અંતમાં શ્રી ઘનશ્યામસિંહ ડાભીએ કહ્યું કે ભરૂચની બહાર નીકળતા દહેજ રોડ પર એક જળાશય જેવું છે જેમાં પક્ષીઓ હોવાનું જાણવા મળ્યું છે. પછી એ વાત મેં શ્રી નીતિન ભટ્ટને કહી અને નીતિનભાઈએ જણાવ્યું કે આમ તો ત્યાં હવે બહુ પક્ષીઓ નથી પણ આપણે એમ પણ ઘણા સમયથી નથી મળ્યા તો એ બહાને મળવાનું પણ થાય. એમ વિચારી શ્રી અમિત દવે અને શ્રી ડી. કે. ગોહિલને પણ સાથે લઇ અમે ૨-માર્ચ ૨૦૧૪ના રોજ સવારે સાતેક વાગ્યે નીકળ્યા અને દશાન પાસે આવેલા આ જળાશય પર પહોંચ્યા. પક્ષીઓ તો બહુ ઓછા હતા. પણ નીતિનભાઈએ જણાવ્યું કે થોડા સમય પહેલા અહી પાણીની સપાટી ઘણી વધારે હતી અને વાબગલીઓ પણ હતી. અત્યારે અમે અહી નાના બગલા (Lesser Egret), વચેટ બગલા(Middle Egret), ચાર સર્પગ્રીવ(Darter), નડી બગલા(Purple Heron), નાના કલકલિયા(Common Kingfisher), સફેદ છાતી કલકલિયા(White-breasted Kingfisher), ટીલીયાળી બતક(Spot-billed Duck) અને બીજા થોડા વણ ઓળખાયેલા પક્ષીઓ જોયા. ત્યાંથી અમે દશાન ગામમાં આવેલા પ્રાચીન શિવ મંદિરે ગયા જ્યાં અમે એક શકરો(Shikra), પતરંગા(Green Bee Eater), મોર અને ચીબરી(Spotted Owlet) જોવા મળી.

*-હિરેન મજીઠીયા*

### Important Information

IF ANYONE WANT TO SUBSCRIBE TO THIS NEWSLETTER DIRECTLY, PLEASE CLICK HERE.

Forward above link to someone interested in our activities.

આ પક્ષીના લંબાઈ ૧૦ સે.મી. થી પણ ઓછી હોય છે. તેની નાની પણ વળાંકદાર ચાંચ, નાની અને ખૂણાવાળી પૂંછડી, લાંબી અને રસ પીવા યોગ્ય જીભ હોય છે. નર અને માદા સહેલાઈથી ઓળખી શકાય તેવા હોય છે. નરનો ઉપરનો ભાગ ઘેરો મરૂન હોય છે. માથા પર લીલાશ પડતો વાદળી રંગ અને ખભાના ભાગ પર ચળકતો લીલો રંગ જોવા મળે છે. નીચેનો ભાગ પીળાશ પડતો સફેદ અને ગળાનો ભાગ કાળાશ પડતો હોય છે. માદાની બાજુ અને પાંખો ઓલીવ રાખોડી અને છાતીનો ભાગ પીળાશ પડતો હોય છે. આછી ભ્રમરો જોવા મળે છે. તેઓ ખુબ જ અવાજ કરતુ પક્ષી છે.



માદા


નર

**ફોટોગ્રાફ્સ વિકિમીડિયાના સૌજન્યથી**

ખોરાક અને આવાસ
તેઓ મુખ્યત્વે ફૂલોના રસ પર નભે છે. એ સિવાય તેઓ ક્યારેક ફળો અને જીવાંત પણ આરોગે છે, ખાસ કરીને બચ્ચાને ખોરાક આપતી વખતે. તેઓ ઘરની આસપાસ, બગીચાઓમાં કે ખેતરોમાં જોવા મળે છે. તેઓ તાર પર કે વૃક્ષ/છોડની ડાળી પર લટકાવીને માળો બનાવે છે.

સંવનન
તે સામાન્ય રીતે ચોમાસામાં પ્રજનન કરે છે. ઘણી વખત વર્ષમાં બે વખત પણ પ્રજનન કરતા હોવાનું સામે આવ્યું છે. માળો બનાવવાનું કામ મોટેભાગે માદા જ કરે છે. માળો કરોળિયાના ઝાળા, રેસા, તાંતણ તથા સુકા નાના પાન વડે બનાવે છે. માળો સીવેલો નથી હોતો પણ કરોળિયાના ઝાળા વડે બાંધેલો હોય છે. લગભગ દસેક દિવસમાં માળો સંપૂર્ણ બંધાઈ જાય છે. નર માદાને આકર્ષવા માથું ઊંચું કરીને પોતાની પાંખો અડધી ખોલે છે અને પૂંછડીના પીંછા પંખાની જેમ ખોલીને પ્રદર્શન કરે છે. પ્રજનન પછી માદા ૨-૪ ઈંડા મુકે છે અને ૧૫-૧૭ દિવસ સેવન કરે છે. સેવન ફક્ત માદા જ કરે છે. તેના બચ્ચાને પ્રારંભિક તબક્કે જીવાંત ખવડાવીને ઉછેર કરે છે જેમાં થોડા અંશે નર પણ મદદ કરે છે.

સંદર્ભ : **ઓળખ માટે** ટીમ ઇન્સ્કીપ અને રીચાર્ડ ગ્રીમીટ દ્વારા લિખિત "ઉત્તર ભારતના પક્ષીઓ"
વધુ માહિતી માટે : http://en.wikipedia.org/wiki/Purple-rumped_Sunbird